**રાજ્યની માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવા બાબત**

***15/4/2387 શ્રી ઇમરાન યુસુફભાઈ ખેડાવાલા** (જમાલપુર – ખાડીયા) **: માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | અંબાજી, દ્વારકા, મોરબી, દહેજ, પાલીતાણા, ધોળાવીરા, રાજકોટ, અંકલેશ્વર, પરસોલી, રાજપીપળાના માંડવી, વણોદ(બેચરાજી) અને બગોદરા ખાતે રાજ્યની માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવાનું આયોજન હતુ તે પૈકી કઈ એરસ્ટ્રીપનું કામ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પૂર્ણ થયુ, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ હિરાસર ગ્રીનફીલ્ડ એરપોર્ટ, રાજકોટ હાલ ઓપરેશનલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કઈ એરસ્ટ્રીપ વિકસાવવાની કામગીરી કયા તબક્કે છે, | (૨) | ઉક્ત સ્થિતિએ નીચે મુજબની એરસ્ટ્રીપ વિકસાવવાની કામગીરી જુદા જુદા તબક્કે છે,<br>➢ અંબાજી : તા.૨૮/૧૧/૨૦૨૩ના પત્રથી કલેકટરશ્રી, બનાસકાંઠાને અંબાજી ખાતે એરસ્ટ્રીપ વિકસાવવા અનુકુળ જમીન ઉપલબ્ધ કરાવવા જણાવેલ છે.<br>➢ દ્વારકા : એરસ્ટ્રીપ વિકસાવવા ઓળખ કરવામાં આવેલ જમીનની પ્રી-ફીઝીબીલીટી માટે તા.૧૭/૦૧/૨૦૨૪નાં પત્રથી એરપોર્ટ્સ ઓથોરીટી ઓફ ઇન્ડીયાને રજુઆત કરવામાં આવેલ છે.<br>➢ મોરબી : એરસ્ટ્રીપ વિકસાવવા પસંદ કરવામાં આવેલ જમીન પર ૨૫૦૦ મીટર રન-વે બાંધકામ માટે જરૂરીયાત મુજબની જમીન મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.<br>➢ પાલીતાણા : એરપોર્ટ્સ ઓથોરીટી ઓફ ઇન્ડીયાનાં પ્રી-ફીઝીબીલીટી સ્ટડી મુજબ જમીન અનુકુળ ન હોઇ, પાલીતાણા ખાતે અન્ય જગ્યાએ જમીન ઉપલબ્ધ થયેથી આગળની કામગીરી હાથ ધરવામાં આવશે.<br>➢ ધોળાવીરા : પંસદ કરવામાં આવેલ જમીન પુરાતત્વ વિભાગની જમીનને સંલગ્ન હોઇ, તેઓનો અભિપ્રાય મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.<br>➢ અંકલેશ્વર : ફેઝ-૧ની કામગીરીમાં એપ્રન અને ટેક્સી-વે બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે જ્યારે રન-વે બાંધકામની કામગીરી ૮૦% પૂર્ણ થયેલ છે.<br>➢ રાજપીપળા : એરપોર્ટ્સ ઓથોરીટી ઓફ ઇન્ડીયાનાં પ્રી-ફીઝીબીલીટી સ્ટડી મુજબ |

જમીન અનુકુળ ન હોઇ, હાલ કોઇ આયોજન નથી.

- માંડવી : રાજ્ય સરકાર હસ્તકની હવાઇપટ્ટીનાં વિસ્તરણ માટે જમીન મેળવવાની કામગીરી ચાલી રહેલ છે.
- દહેજ, પરસોલી, વણોદ(બેચરાજી) અને બગોદરા ખાતે હવાઇપટ્ટી વિકસાવવાની કામગીરી વિચારણા હેઠળ છે.

(૩) ઉક્ત પૈકી બાકી એરસ્ટ્રીપને ક્યાં સુધીમાં વિકસાવવામાં આવશે, અને

(૩) ઉક્ત પૈકી બાકી એરસ્ટ્રીપ નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરી વિકસાવવામાં આવશે.

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત પેટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૪)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૨૨ | રૂ.૪,૫૫,૧૪,૬૬૧/- |
| ૨૦૨૩ | રૂ.૫૧,૯૧,૦૧,૫૭૪/- |
| કુલ | રૂ.૫૬,૪૬,૧૬,૨૩૫/- |

---------------------------------------